# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-07-2025** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કૅપ્ટન શુભાંશુ શુક્લા ઍક્સિઑમ-ચાર મિશનના ચાલક દળના સભ્યો સાથે પૃથ્વી પર હેમખમ પરત આવ્યાં.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વિદ્યાર્થીઓને "દેશ પહેલા માટી પહેલા "ના સંકલ્પ સાથે પોતાને સમાજ સેવામાં સમર્પિત કરવા આહ્વાન કર્યું.
3) વિદેશ મંત્રી ડૉ. જયશંકરે કહ્યું , S.C.O.એ આતંકવાદ, અલગાવવાદ અને ઉગ્રવાદના મુદ્દાઓ પર કડક વલણ અપનાવવું જોઈએ.
4) જાપાને પરિસ્થિતિઓ અનુકૂળ થાય ત્યારે રશિયા સાથે શાંતિ વાટાઘાટો ફરી શરૂ કરવા ઈચ્છા દર્શાવી
5) ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિ-માસિક ગાળામાં દેશની કુલ નિકાસ છ ટકા વધીને 210 અબજ ડૉલરની સપાટી પર પહોંચી.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# AXIOM LANDING

ભારતીય અવકાશ-યાત્રી ગ્રૃપ કૅપ્ટન શુભાંશુ શુક્લા અને ઍક્સિઑમ-ચાર મિશનના અન્ય ત્રણ ચાલક દળના સભ્ય આજે સલામત રીતે પૃથ્વી પર પરત પહોંચી ગયા છે. આ તમામ લોકો આંતર-રાષ્ટ્રીય અવકાશ મથક પર પોતાના 18 દિવસના ઐતિહાસિક મિશન બાદ પરત આવ્યા છે.

સ્પેસઍક્સ ડ્રેગન અવકાશ-યાન આજે બપોરે અમેરિકાના કેલિફૉર્નિયાના સૅન ડિએગો કાંઠાથી દૂર પ્રશાંત મહાસાગરમાં ઉતર્યું. ચાલક દળ પૃથ્વીના ગુરુત્વાકર્ષણને અનુરૂપ થવા સાત દિવસ પુનર્વસનમાં રહેશે.

ગ્રૃપ કૅપ્ટન શુક્લા આંતર-રાષ્ટ્રીય અવકાશ મથકનો પ્રવાસ કરનારા પહેલા ભારતીય અને વર્ષ 1984-માં અવકાશમાં ગયેલા વિન્ગ કમાન્ડર રાકેશ શર્મા પછી બીજા ભારતીય અવકાશયાત્રી બન્યા છે.

........

# SHUBHANSHU SHUKLA WISHES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગૃપ કૅપ્ટન શુભાંશુ શુક્લાનું પૃથ્વી પર પરત આવતા તેમનું સ્વાગત કર્યું છે. રાષ્ટ્રપતિએ ઍક્સિઑમ મિશન ચારના સંચાલનમાં ગૃપ કૅપ્ટન શુક્લાની ભૂમિકા ભારતની અવકાશ શોધમાં મહત્વની સિદ્ધિ હોવાનું જણાવ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અવકાશયાત્રી શુભાંશુ શુક્લા સલામત રીતે પરત આવતા તેમની પ્રશંસા કરી. શ્રી મોદીએ કહ્યું , અવકાશથી પૃથ્વી પર પરત આવવા પર સમગ્ર દેશ તેમનું સ્વાગત કરે છે. ગૃપ કૅપ્ટન શુભાંશુ શુક્લાની આ યાત્રા દરમિયાન સમર્પણ અને સાહસની ભાવનાથી લાખો લોકો પ્રેરિત થયા છે. પ્રધાનમંત્રીએ કહ્યું , આ દેશના માનવ અવકાશ ઉડાન મિશન- ગગનયાનની દિશામાં મહત્વની સિદ્ધિ છે.

બીજી તરફ , ઉત્તરપ્રદેશના લખનઉમાં શુભાંશુ શુક્લાના પરિવારે તેમની શાળામાં પૃથ્વી પર પરત આવવાની ક્ષણનું જીવંત પ્રસારણ જોયું અને તેમની સફળ યાત્રાની ઉજવણી કરી.

સાંભળીએ શુભાંશુ શુક્લાના માતા-પિતાની પ્રતિક્રિયા.

**(BYTE:- SHUBHANSHU SHUKLA MOTHER AND FATHER)**

. .

# PREZ ODISHA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું , ભારતનું રાષ્ટ્રીય લક્ષ્ય વૈશ્વિક મહાશક્તિ બનવાનો છે. તેમણે કહ્યું , દેશે માળખાગત સુવિધાઓ, આરોગ્ય સંભાળ, વિજ્ઞાન અને ટૅક્નોલૉજી , કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. અને અન્ય ક્ષેત્રોમાં ઘણો વિકાસ કર્યો છે. રાષ્ટ્રપતિએ કહ્યું , વર્ષ 2047 સુધીમાં વિકસિત દેશ બનાવવાના લક્ષ્યને પ્રાપ્ત કરવા રાષ્ટ્ર-નિર્માણ અને ભારતના ભવિષ્યને ઘડવામાં શિક્ષણની કેન્દ્રીય ભૂમિકા છે.

ઓડિશામાં કટકના રાવેનશૉ વિશ્વ-વિદ્યાલયના 13-મા પદવીદાન સમારોહમાં આજે રાષ્ટ્રપતિ મુર્મૂએ વિદ્યાર્થીઓને "દેશ પહેલા માટી પહેલા"ના સંકલ્પને જીવનભર યાદ રાખવા અને ઈમાનદારી અને જવાબદારીની મજબૂત ભાવના સાથે પોતાને સમાજસેવામાં સમર્પિત કરવા આહ્વાન કર્યું. સુશ્રી મુર્મૂએ યુવાનોને ઉદ્યમી બનવા પણ જણાવ્યું.

. . . . . .

# EVE PREZ ODISHA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું , વિદ્યાર્થીઓએ તેમની માતૃભાષામાં શિક્ષણ મેળવવું જોઈએ. ઓડિશાના કટકમાં ઓડિયા કવિ અને વિદ્વાન સરલાદાસની 600મી જન્મજયંતી પર રાષ્ટ્રપતિએ કહ્યું , જો વિદ્યાર્થીઓને પોતાની માતૃભાષામાં શિક્ષણ અપાય તો તેમની પ્રતિભામાં સુધારો થશે.

તેમણે કહ્યું , માતૃભાષાનું જતન કરવું એ આપણું કર્તવ્ય છે. રાષ્ટ્રપતિએ કહ્યું, દરેકને વિવિધ ભાષાઓનું જ્ઞાન હોવું જોઈએ. કારણ કે , તેનાથી બૌદ્ધિક વિકાસ થાય છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને કલિંગ રત્ન સન્માન અર્પણ કર્યું.

. . . . .

# JAISHANKAR SCO

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકરે કહ્યું , શાંઘાઈ સહયોગ સંગઠન- S.C.O.એ આતંકવાદ, અલગાવવાદ અને ઉગ્રવાદના મુદ્દાઓ પર કડક વલણ અપનાવવું જોઈએ. શ્રી જયશંકર આજે ચીનના તિયાન-ઝિન ખાતે S.C.O.ના વિદેશ મંત્રીઓની પરિષદની બેઠકમાં ઉપસ્થિત રહ્યા. તેમણે કહ્યું, પહલગામ આતંકી હુમલો જમ્મુ-કાશ્મીરના પર્યટન અર્થતંત્રને નબળું કરવા અને ધાર્મિક વિભાજનને પ્રોત્સાહન આપવા કરાયો હતો. તેમણે હુમલાના દોષિતો , કાવતરાખોરો અને ભંડોળ આપનારાઓને જવાબદાર ઠેરવવા પર ભાર મૂક્યો.

વિદેશ મંત્રીએ કહ્યું , ભારતે S.C.O.માં સ્ટાર્ટ-અપ અને નવીનતાથી લઈ પરંપરાગત ચિકિત્સા અને ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ સુધીના અનેક ક્ષેત્રમાં પહેલ કરી છે. સંગઠનમાં સહકાર વધારવા વધુ વેપાર અને રોકાણની જરૂરિયાત હોવાનું પણ તેમણે ઉમેર્યું.

. . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

--------------------------------------------------

# DAY INDIA CLEAN ENERGY

કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જામંત્રી પ્રહલાદ જોષીએ કહ્યું , ભારતનું સ્વચ્છ ઊર્જા પરિવર્તન માત્ર પર્યાવરણીય ઉદ્દેશ નહીં , પણ રાષ્ટ્રીય અભિયાન છે. I.I.T બૉમ્બેમાં યોજાયેલા I.V.C.A. નવીનીકરણીય ઊર્જા શિખર સંમેલનમાં તેમણે એ વાત પર રભાર આપ્યો કે , વર્ષ 2030 સુધી ભારતના 500 ગીગાવૉટ બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતાના મહત્વાકાંક્ષી લક્ષ્યને પ્રાપ્ત કરવા ખાનગી રોકાણ ઘણું મહત્વનું છે.

20 રાજ્યના મંત્રીઓના અનુરોધના જવાબમાં કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં પીએમ-કુસુમ યોજનાનો બીજો તબક્કો શરૂ કરશે. આ તબક્કાનો શ્રેય સૌર અને પવન જેવા નવનીકરણીય ક્ષેત્રમાં રોકાણકારોના વધતા રસને આપ્યો. શ્રી જોશીએ વધુમાં આ મુજબ જણાવ્યું.

(BYTE- PRAHLAD JOSHI, UNION MINISTER)

. . . . . .

# JAPAN RUSSIA PEACE TALKS

જાપાને પરિસ્થિતિઓ અનુકૂળ થાય ત્યારે રશિયા સાથે શાંતિ વાટાઘાટો ફરી શરૂ કરવા ઈચ્છા દર્શાવી છે. એક સમાચાર સંસ્થા સાથેની વાતચીતમાં મૉસ્કોમાં જાપાનના રાજદૂત અકીરા મૂટો-એ કહ્યું , સ્થિર સંબંધો માટે બંને દેશ વચ્ચે પ્રાદેશિક મુદ્દાઓનું નિરાકરણ કરી શાંતિ સમજૂતી કરવી જરૂરી છે.

તેમણે વાતચીત માટે તૈયાર રહેવા રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમિર પુતિનની ઈચ્છાનો ઉલ્લેખ કરતા જાપાનને રશિયાના સ્વાભાવિક સાથી અને પાડોશી ગણાવ્યા. જાપાનના રાજદૂતે યુક્રેન સંઘર્ષના સમાધાન માટે અમેરિકાના પ્રયાસનું સમર્થન આપવાની પણ વાત કહી. તેમજ અમેરિકા-રશિયા શિખર વાટાઘાટના મંતવ્યનું સ્વાગત કર્યું. યુક્રેન પર રશિયાના હુમલા બાદ જાપાને રશિયા પર પ્રતિબંધ લગાવતાં બંને દેશના સંબંધ વણસી ગયા હતા અને રશિયાએ શાંતિ વાટાઘાટો મુલતવી રાખી હતી.

. . . . . . . . .

# HEALTH MINISTRY STREET FOOD

આરોગ્ય મંત્રાલયે માધ્યમોમાં પ્રસારિત થતા એવા સમાચારનું ખંડન કર્યું છે, જેમાં કહેવામાં આવ્યું , મંત્રાલયે સમોસા, જલેબી અને લાડુ જેવા ખાદ્ય પદાર્થો પર ચેતવણી ચિઠ્ઠી લગાવવાનો નિર્દેશ આપ્યો છે. મંત્રાલયે એક નિવેદનમાં માધ્યમો દ્વારા પ્રસારિત થતાં આ સમાચારને ભ્રામક, ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા.

નિવેદનમાં કહેવામાં આવ્યું કે , મંત્રાલયે માત્ર અલગથી એક માર્ગદર્શિકા જાહેર કરીને કાર્યસ્થળ પર સ્વસ્થ ભોજનનો ઉપયોગ કરવાની સલાહ આપી છે. આરોગ્ય મંત્રાલયની માર્ગદર્શિકામાં ખાદ્ય પદાર્થના વિક્રેતાઓ સીધી રીતે કોઈ પ્રકારની ચિઠ્ઠી લગાવવાનો નિર્દેશ નથી અપાયો.

. . . . . . . . .

# TRADE DATA

પ્રવર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિ-માસિક ગાળામાં દેશની કુલ નિકાસ ગત નાણાકીય વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ છ ટકા વધીને 210 ડૉલર બિલિયનથી ઉપર પહોંચી છે. નવી દિલ્હીમાં આજે માધ્યમોને માહિતી આપતા વાણિજ્ય અને ઉદ્યોગ સચિવ સુનિલ બર્થવાલે કહ્યું, જૂન મહિનામાં દેશની આયાત ત્રણ પૂર્ણાંક 71 ટકાથી ઘટીને 53 અબજ 92 કરોડ ડૉલર રહી. જ્યારે ગત વર્ષે જૂન મહિનામાં તે 56 અબજ ડૉલર આસપાસ હતી.

તેમણે કહ્યું, આ વર્ષે જૂન મહિનામાં વસ્તુઓ અને સેવાઓની કુલ નિકાસ વધીને 67 અબજ 98 કરોડ ડૉલરે પહોંચી. જ્યારે ગયા વર્ષે આ સમયગાળામાં તે 63 અબજ 83 કરોડ ડૉલર રહી હતી.

. . . . . . .

# HARYANA MANOHARLAL

કેન્દ્રીય ઊર્જામંત્રી મનોહર લાલે આજે હરિયાણાના પાણીપતમાં ઊર્જા કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી અટલ વિતરણ વ્યવસ્થા યોજના - અદિતિનો શુભારંભ કરાવ્યો.

આ પ્રસંગે , શ્રી લાલે કહ્યું , દેશની અર્થવ્યવસ્થાને પાંચ ટ્રિલિયન ડૉલર સુધી લઈ જવામાં સૌથી વધુ યોગદાન ઉદ્યોગ ક્ષેત્ર ખાસ કરીને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગનું હશે. આ યોજના ઔદ્યોગિક ખર્ચ ઘટાડશે અને પર્યાવરણીય સંરક્ષણને પ્રોત્સાહન આપશે તેમ પણ તેમણે ઉમેર્યું.

. . . .